# ૩૦ જૂન -૨૦૧૬ (મંગળવાર)

**(૧) રણજિતરામ સુવર્ણચંદ્રક :**

- ગુજરાતીભાષા સાહિત્યના પ્રથમ પંક્તિના સર્જક ડૉ. પ્રવિણ દરજીને આ એવોર્ડ એનાયત થશે.
- ગુજરાતી સાહિત્ય સભા તરફથી અપાતો આ એવોર્ડ તેમના વિશિષ્ટ સાહિત્યપ્રદાન બદલ અપાશે.
- ગુજરાતી વિવેચન તેઓને 'નિબંધ પુરૂષ' તરીકે નવાજે છે.
- તેઓ ગુજરાત સમાચાર 'ક્ષણ-ક્ષણાર્થ' નામની કોલમના લેખક છે.
- ભારત સરકારે વર્ષ આમાં તેઓનું પદ્મશ્રી એવોર્ડથી સન્માન કર્યું હતું.
- તેમને મળેલા અન્ય સન્માન :

  ઘનશ્યામ સરાફ એવોર્ડ, કલાગુર્જરી એવોર્ડ, અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ

**તેમના પ્રખ્યાત નિબંધ સંગ્રહો :**

'લિલાંપર્ણ, 'ગાતાં ઝરણા, દર્ભાકુર, બજતા નૂપુર, શતગુણ પિયાત, બિચ બિચ બારી'

- કાવ્યસંગ્રહ :

  ઇઓ, ગ્રીનબેલ્ટ
- વિવેચનમાં તેઓએ તટસ્થ અભ્યાસ નિષ્ઠા દાખવી દયરામ, કથાર્થ, પ્રસ્તુત, કાવ્યસંગ્રહ, સંશ્લેષ, નિબંધબોધ જેવા અને સંગ્રહો આપ્યા છે.

**(૨) સાતમા પગારપંચની ભલામણોને કેબીનેટની મંજુરી :**

- કેન્દ્રીય કેબીનેટ દ્વારા સાતમા પગારપંચની ભલામણોને મંજુરી અપાઇ
- પગારમાં ૨૩.૫% નો વધારો થયો.
- સૌથી નીચેલ સ્તરના કર્મચારીઓને લઘુત્તમ પગાર ૭૦૦૦ થી વધારી ૧૮,૦૦૦ કરાયો.
- સશસ્ત્ર દળો માટે ગ્રેચ્યુઇટી મર્યાદા ૧૦ લતાખથી વધારી ૨૦ લાખ કરવામાં આવી.
- પહેલી જાન્યુઆરી, ૨૦૧૬ થી જ અમલી થશે. જેનું અરિયર્સ પણ આ વર્ષે મળશે.
- તેમજ દર વર્ષે ત્રણ ટકાનો પગાર વધારો પણ ચાલુ રહેશે.
- કેન્દ્રના ૪૭ લાખ કર્મચારી અને ૫૨ લાખ જેટલા પેન્શનર્સને લાભ મળશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ક્યાં સાહિત્યકારને રણજિતરચામ સુવર્ણચંદ્રક એનાયત થવાની જાહેરાત થઇ ?
- ડૉ પ્રવિણ દરજી

(૨) ડૉ. પ્રવિણ દરજીને ગુજરાતી વિવેચન ક્યાં નામે નવાજે છે ?
- નિબંધ પુરૂષ

(૩) ગુજરાત સમાચારમાં ડૉ. પ્રવિણ દરજી કઇ કોલમના લેખક છે ?
- ક્ષણ-ક્ષણાર્ધ

(૪) રણિજતરામ સુવર્ણચંદ્રક કોના દ્વારા અપાય છે ?
- ગુજરાતી સાહિત્ય સભા

(૫) ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં તેમનું કયા એવોર્ડથી સન્મા કરવામાં આવ્યું હતું ?
- પદ્મશ્રી

(૬) 'બિચ બિચ બારી' અને 'ગાતાં ઝરણા' કોના નિબંધ સંગ્રહ છે ?
- ડૉ. પ્રવિણ દરજી

(૭) તાજેતરમાં તુર્કીના કયાં શહેરમાં આતંકી સગઠન આઇએસ દ્વારા હમલો થયો ?
- ઇત્બુલ

(૮) સાતમાંપગાર પંચમાં લઘુતમ વેતન કેટલું આપવામાં આવશે ?
- ૧૮,૦૦૦/-

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧